| કુલ ગુણ | 200 |
|---|---|

# COMPUTER

(Gujarati Medium)

| કેટેગરી |
|---|
| A |

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્પાય કેમરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (5) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (7) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (8) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (9) | <u>આ કસોટી પત્રમાં કુલ -200 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘૂંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (10) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. પ્રત્યેક ખોટા ઉત્તર માટે 0.25 ગુણ કપાશે (નેગેટીવ 0.25) જો ઉમેદવાર કોઇ પ્રશ્નનો ઉત્તર આપવા માંગતા ન હોય તો વિકલ્પ E પસંદ કરવાનો રહેશે. વિકલ્પ E માટે નેગેટીવ ગુણ રહેશે નહી. |
| (11) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટે 0.25 નેગેટીવ ગુણ મળશે. |
| (12) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (13) | આ પરીક્ષાનો સમય 180 મિનિટનો છે. |
| (14) | સૌથી યોગ્ય વિકલ્પ જવાબ તરીકે ધ્યાને લેવાશે . |

રફ કામ માટેનું પેઈજ

(1) ભારતીય બંધારણમાં આપેલ મૂળભૂત ફરજોમાં માતા-પિતાએ અથવા વાલીએ, છ વર્ષથી ચૌદ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા યથાપ્રસંગ, પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની જોગવાઈ સંવિધાનના છ્યાંસીમાં સુધારાથી કઈ કલમમાં આ ખંડ ઉમેરવામાં આવેલ છે ?

(A) કલમ - 11 (B) કલમ - 2

(C) કલમ - છયાસી (86) (D) કલમ - 4

(2) મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર "અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ"ના લેખક કોણ છે ?

(A) માણભટ્ટ (B) નારાયણ દેસાઈ

(C) જયશંકર દેસાઈ (D) મહાદેવ દેસાઈ

(3) "હરિનો મારગ છે શૂરાનો" પદ રચના કોની છે ?

(A) કવિ પ્રીતમદાસ (B) મણિશંકર રત્નજી ભટ્ટ

(C) દામોદર ખુશાલદાસ બોટાદકર (D) નરસિંહ મહેતા

(4) ભારતની સંઘીય કાર્યપ્રણાલીનો ઉલ્લેખ ભારતના સંવિધાનના કયા ભાગમાં કરવામાં આવેલ છે ?

(A) 6 (B) 4

(C) 5 (D) 2

(5) વર્લ્ડ બોકસિંગ ચેમ્પિયનશીપમાં 51 Kg. કેટેગરીમાં કયા ભારતીય દ્વારા બ્રોન્ઝ મેડલ જીતવામાં આવેલ છે ?

(A) સુખદેવ (B) નિશાંત દવે

(C) હુસામુદ્દીન (D) દિપક ભુરિયા

(6) હિંદની પ્રજાને સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય કરવા માટે ગાંધીજીએ ભારતમાં સૌ પ્રથમ કયું અંગ્રેજી અખબાર શરૂ કર્યું ?

(A) યંગ ઈન્ડિયા (B) યૂથ ઈન્ડિયા

(C) વર્તમાન ભારત (D) ચળવળ

(7) હિમાલય પર્વતમાલા કયા (Age) સમયમાં બનેલું છે ?

(A) સતયુગ (B) આર્ચિયન યુગ

(C) જુરાસિક યુગ (D) ટર્શિયરી યુગ (Tertiary)

(8) કઈ વૈજ્ઞાનિક અસરને લીધે આકાશના તારા ટમટમતા દેખાય છે ?

(A) પ્રકાશનું પ્રકિર્ણન (B) પ્રકાશનું વક્રિભવન

(C) પ્રકાશનું વિવર્તન (D) પ્રકાશનું વિભાજન

(9) ભારતમાં સમગ્ર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉદ્યોગોનો ફાળો કેટલા ટકા છે ?

(A) 25% (B) 29%

(C) 32% (D) 39%

(10) ભારતના બંધારણમાં નાગરિકની મૂળભૂત ફરજોનો સમાવેશ કયા ભાગમાં કરવામાં આવેલ છે?

(A) ભાગ - 3 (A) (B) ભાગ - 5 (A)

(C) ભાગ - 4 (A) (D) ભાગ - 6 (A)

(11) 'ભારતરત્ન' સન્માનિત પ્રથમ મહાપુરુષ કોણ હતા ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (B) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

(C) મહાદેવભાઈ દેસાઈ (D) લાલબહાદુર શાસ્ત્રી

(12) નીચે પૈકી કયા કાર્યક્રમમાં ઈન્ટરેક્ટીવ બૉર્ડનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) પ્રજ્ઞા અભિગમ (B) બાલ પ્રૉજેક્ટ

(C) વર્ચ્યુઅલ ક્લાસરૂમ (D) જ્ઞાનકુંજ પ્રૉજેક્ટ

(13) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતો યુનિક આઈ.ડી. (UID) નંબર કેટલા અંકનો હોય છે ?

(A) 14 (B) 16

(C) 18 (D) 19

(14) ભારતીય બંધારણમાં શિક્ષણ કઈ યાદીનો વિષય છે ?

(A) કેન્દ્ર યાદી (B) રાજ્ય યાદી

(C) સંયુક્ત યાદી (D) જિલ્લા યાદી

(15) ઈન્સ્યુલિન અંતઃસ્ત્રાવનું ઉત્પાદન શરીરના કયા અંગમાં થાય છે ?

(A) જઠર (B) સ્વાદુપિંડ

(C) નાનું આંતરડું (D) મગજ

(16) હૉકી વિશ્વકપ (પુરુષ) - 2023 કયા દેશમાં યોજાયો હતો ?

(A) ભારત (B) જાપાન

(C) ફ્રાન્સ (D) બ્રાઝિલ

(17) વિશ્વનું સૌથી મોટું ખનિજતેલ શુદ્ધિકરણ સંકુલ ક્યાં આવેલું છે ?

(A) જામનગર (B) અંકલેશ્વર

(C) દિગ્બોઈ (D) દહેરાદૂન

(18) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2023-24 માં રાજ્યની માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે મોકલવામાં આવેલ શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ વૅકેશન સહિત કેટલા દિવસની રજાઓ નક્કી કરવામાં આવેલ છે ?

(A) 79 (B) 80

(C) 81 (D) 82

(19) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની શાળાઓ ન્યૂનતમ વ્યાવસાયિક અને ગુણવત્તાપૂર્ણ માનાંકોનું પાલન કરે છે કે કેમ તે જાણવા જે સંસ્થાની ભલામણ કરેલ છે તે કંઈ સંસ્થા છે ?

(A) PARAKH (B) SWAYAM

(C) DIKSHA (D) SSSA

(20) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં કયા ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણ ઈચ્છનીય છે ?

(A) ધોરણ - 6 (B) ધોરણ - 8

(C) ધોરણ - 10 (D) ધોરણ - 5

(21) વેપાર અને ઉદ્યોગને લીધે અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવે છે તો કેળવણીના ધ્યેયો પર કયા પરિબળની અસર ગણી શકાય ?

(A) સાંસ્કૃતિક પરિબળ (B) સામાજિક પરિબળ

(C) આર્થિક પરિબળ (D) નૈતિક પરિબળ

(22) વ્યક્તિ શું કરે છે ? તેના કરતાં તેણે શું કરવું જોઈએ ? આ બાબતનો વિચાર કેળવણીના કયા ધ્યેય સાથે સંકળાયેલો છે ?

(A) નૈતિક ધ્યેય (B) જ્ઞાન પ્રાપ્તિનું ધ્યેય

(C) પૂર્ણ જીવનનું ધ્યેય (D) ફુરસદના સમયના સદ્ઉપયોગનું ધ્યેય

(23) ઉદ્દેશો, અભ્યાસક્રમ, સંસ્થાઓ અને સમયમર્યાદા બધુ જ નિશ્ચિત હોય ત્યારે તે કેળવણીનું કયું સ્વરૂપ ગણાય ?

(A) અનૌપચારિક (B) ઔપચારિક

(C) અવૈધિક (D) સંયુક્ત

(24) નીચેના પૈકી કયો કાર્યક્રમ અવૈધિક શિક્ષણને સીધો લાગુ પડતો નથી ?

(A) અક્ષરજ્ઞાન (B) પરીક્ષા

(C) વ્યવસાયની તાલીમ (D) વ્યસનમુક્તિ

(25) અધ્યયન પ્રક્રિયામાં સમાયેલી ત્રણ બાબતોમાં કઈ બાબત સમાવિષ્ટ નથી ?

(A) પ્રારંભ (B) પરિણામ

(C) પ્રક્રિયા (D) મૂલ્યાંકન

(26) કેટલાક બાળકો અંતર્મુખી તો કેટલાક બાળકો બહિર્મુખી, કેટલાક બાળકો વાચાળ તો કેટલાક બાળકો શરમાળ હોય છે. તેમનામાં રહેલી આ ભિન્નતા એ કયા પ્રકારની ભિન્નતા છે ?

(A) શારીરિક ભિન્નતા (B) વ્યક્તિત્વમાં ભિન્નતા

(C) રસ-રૂચિમાં ભિન્નતા (D) સામાજિક ભિન્નતા

(27) જુદા જુદા બુદ્ધિ માનાંકોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) I.Q. (બુદ્ધિમાનાંક) (B) S.Q. (આધ્યાત્મિક બુદ્ધિમાનાંક)

(C) R.Q. (ધાર્મિક બુદ્ધિમાનાંક) (D) E.Q. (સાંવેગિક બુદ્ધિમાનાંક)

(28) નીચેના પૈકી કોણે વ્યવસાયિક અભિરુચિ સંશોધનિકાની રચના કરી હતી ?

(A) મેકડૂગલ (B) સ્ટ્રોંગ

(C) મોર્ગન (D) ગેરેટ

(29) વ્યક્તિમાં રહેલી કલા, સંગીત, સર્જનાત્મકતા જેવી શક્તિઓના માપન માટે કઈ કસોટી વપરાય છે ?

(A) વલણ માપદંડ (B) અભિરુચિ કસોટી

(C) રસ સંશોધનિકા (D) અભિયોગ્યતા કસોટી

(30) વર્ગખંડમાં થતી ત્રણ પ્રકારની આંતરક્રિયામાં શેનો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષક - વિદ્યાર્થી વ્યવહાર (B) વિદ્યાર્થી - સામગ્રી વ્યવહાર

(C) શિક્ષક - સામગ્રી વ્યવહાર (D) વિદ્યાર્થી - વિદ્યાર્થી વ્યવહાર

(31) સામાન્યરીતે ઉપયોગમાં લેવાના મધ્યવર્તિ સ્થિતિના ત્રણ આંકડાશાસ્ત્રીય માપમાં નીચે પૈકી કયું સમાવિષ્ટ નથી ?

(A) મધ્યક
(B) મધ્યસ્થ
(C) બહુલક
(D) મધ્યબિંદુ

(32) મૂલ્યાંકન માટેની ત્રણ કસોટીઓમાં કયું જુદુ પડે છે ?

(A) લેખિત
(B) મૌખિક
(C) પ્રાયોગિક
(D) ક્રિયાત્મક

(33) વિસ્તરણ પત્રક (Spread Sheet) નીચેના પૈકી શેની સાથે સંકળાયેલી છે ?

(A) માઈક્રોસોફ્ટ એક્સલ
(B) માઈક્રોસોફ્ટ પાવર પોઈન્ટ
(C) માઈક્રોસોફ્ટ વર્ડ
(D) એક્સેસ

(34) 'ઘડતર અને ચણતર'માં કોની શિક્ષણની ફિલૉસૉફી દર્શાવવામાં આવી છે ?

(A) ગીજુભાઈ બધેકા
(B) નાનાભાઈ ભટ્ટ
(C) તારાબેન મોડક
(D) જે. કૃષ્ણમૂર્તિ

(35) "કેળવણી ઉત્પાદક શ્રમ દ્વારા, ઉત્પાદક શ્રમ માટે અને ઉત્પાદક શ્રમની જ હોઈ શકે."

(A) મહાત્મા ગાંધીજી
(B) રવિન્દ્રનાથ ટાગોર
(C) શ્રી અરવિંદ
(D) સ્વામી વિવેકાનંદ

(36) નીચેના પૈકી કયો સિદ્ધાંત જહોન ડ્યુઈ દ્વારા રજૂ કરવામાં આવેલ સિદ્ધાંતોમાં નથી આવતો ?

(A) ઉપયોગિતાનો સિદ્ધાંત
(B) પ્રવૃત્તિનો સિદ્ધાંત
(C) શ્રમનો સિદ્ધાંત
(D) રસનો સિદ્ધાંત

(37) નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (NILP) કયા વય જૂથના નિરક્ષરો માટે શરૂ કરવામાં આવેલ છે ?

(A) 15 વર્ષ અને તેની ઉપરના તમામ
(B) 15 વર્ષથી 55 વર્ષ સુધી
(C) 6 વર્ષથી 14 વર્ષ સુધી
(D) 21 વર્ષથી 65 વર્ષ સુધી

(38) One Nation, One Digital Platform તરીકે કોણ ઓળખાય છે ?

(A) PM eVIDYA
(B) BISAG-N
(C) DIKSHA
(D) Vande Gujarat Channel

(39) ઈન્દ્રિયોની તાલીમથી કેળવણીની શરૂઆત કરવાની વાત કોણે કરી હતી ?

(A) ડૉ. એસ. રાધાકૃષ્ણન
(B) રવિન્દ્રનાથ ટાગોર
(C) મહાત્મા ગાંધીજી
(D) મહર્ષિ અરવિંદ

(40) વિશિષ્ટ બાળકો માટે ઈન્દ્રિયો દ્વારા શિક્ષણ આપવાની શરૂઆત કોણે કરી હતી ?

(A) મારિયા મોન્ટેસરી
(B) ગ્રેસ ફર્નોલ્ડ
(C) જિમ પિયાજે
(D) ઈવાન પાવલોવ

(41) અધ્યયન સાથે જોડાયેલા મનોવિજ્ઞાનીઓની તેમના સિદ્ધાંત સંદર્ભે નીચે આપેલી કઈ જોડ સાચી છે ?

(A) પ્રયત્ન અને ભૂલ-વિગોટ્સ્કી
(B) વર્તનવાદ - પાવલોવ
(C) સંરચનાવાદ - સ્કિનર
(D) કારક અભિસંધાન - થોર્નડાઈક

(42) નીચેના પૈકી કઈ લાક્ષણિકતા અધ્યયન પ્રક્રિયાની નથી ?

(A) અધ્યયન માટે અનુભવ જરૂરી છે.
(B) અધ્યયન માટે પર્યાવરણ સાથે આંતરક્રિયા જરૂરી છે.
(C) અધ્યયનનું એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં સંક્રમણ થઈ શકે છે.
(D) અધ્યયન માટે સ્મૃતિ જરૂરી છે.

(43) Discovery Learning અભિગમ કોના દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો ?

(A) રોબર્ટ ગેને
(B) જેરોમી બ્રુનર
(C) બાન્દુરા
(D) આસુબેલ

(44) '14 સેમી ત્રિજ્યાવાળા વર્તુળનું ક્ષેત્રફળ કેટલું થાય ?' - આ પ્રશ્નનો જવાબ મેળવવા બાળક સૂત્રનો ઉપયોગ કરે છે. અહીં, વિદ્યાર્થીએ કયું બૌદ્ધિક કૌશલ્ય પ્રાપ્ત કરેલ ગણાય ?

(A) વિભેદીકરણ
(B) સંકલ્પના
(C) નિયમ
(D) સમસ્યા ઉકેલ

(45) નીચેનામાંથી કઈ ક્ષતિમાં બાળકની શારીરિક તેમજ બૌદ્ધિક કાર્યક્ષમતા ક્ષતિગ્રસ્ત થાય છે ?

(A) ડાઉન સીન્ડ્રોમ
(B) ADHD
(C) સેરેબલ પાલ્સી
(D) ઓટિઝમ

(46) બ્લુમ વર્ગીકરણ (Bloom's Taxonomy) અનુસાર નીચેના પૈકી કઈ ક્રિયા બાકીનાથી ઉચ્ચ સ્તરે આવશે ?

(A) મૂલ્યાંકન
(B) સર્જન
(C) પૃથક્કરણ
(D) ઉપયોજન

(47) સિદ્ધિ કસોટી માટે નીચેના પૈકી શું અયોગ્ય છે ?

(A) વિદ્યાર્થીઓને બધા જ પ્રશ્નોના જવાબ આપી શકે તેટલો સમય આપવામાં આવે છે.
(B) વર્ગ બઢતી સાથે સંકળાયેલ છે.
(C) શિક્ષણકાર્યને અંતે આપવામાં આવે છે.
(D) પ્રશ્નોની પસંદગી વિદ્યાર્થીઓની પારંગતતા ચકાસે તેવી રીતે કરવામાં આવે છે.

(48) નીચેના પૈકી કયું મધ્યવર્તી સ્થિતિનું માપ દર્શાવી શકતું નથી ?

(A) મધ્યક
(B) વિસ્તાર
(C) મધ્યસ્થ
(D) બહુલક

(49) પ્રમાણ વિચલન ($\sigma$) માટે શું સાચું નથી ?

(A) પ્રમાણ વિચલનનું મૂલ્ય જેટલું નાનું, વર્ગજૂથની સમરૂપતા વધુ.
(B) દરેક પ્રાપ્તાંકમાં કોઈ અચળ સંખ્યા ઉમેરવાથી પ્રમાણ વિચલનમાં વધારો થાય છે.
(C) દરેક પ્રાપ્તાંકને એક જ અંકથી ગુણવામાં આવે તો પ્રમાણ વિચલન તેટલાં ગણું વધે છે.
(D) પ્રમાણ વિચલનનો ઉપયોગ પ્રાપ્તાંકોની ચલિતતા જાણવા થાય છે.

(50) નીચેનામાંથી કઈ ઇ-કન્ટેન્ટની લાક્ષણિકતા નથી ?

(A) તે ફક્ત ડિજીટલ સ્વરૂપમાં હોય છે. (B) તેને વેબપેજ કે અન્ય માધ્યમ દ્વારા રજૂ કરાય છે.

(C) તેમાં ફક્ત એનિમેશન જ હોય છે. (D) તેને QR Code સાથે લીંક કરી શકાય છે.

(51) નીચેના પૈકી કયું OER નથી ?

(A) BISAG - N (B) GROWER

(C) NROER (D) e-pathshala

(52) નીચે પૈકી કઈ બાબત ઇલર્નિંગની સંકલ્પનાને લાગુ પડતી નથી ?

(A) અધ્યયન - અધ્યાપનનું અધ્યતન ક્ષેત્ર છે. (B) અધ્યયનનો એકમાત્ર વિકલ્પ છે.

(C) વર્ગશિક્ષણ રસપ્રદ બને છે. (D) માહિતી ઓનલાઈન ઉપલબ્ધ છે.

(53) જેના તારણો સંબંધિત જૂથ સિવાય લાગુ પાડી શકાતા નથી તે કયા પ્રકારનું સંશોધન છે ?

(A) પ્રાયોગિક સંશોધન (B) સર્વેક્ષણ

(C) મૂળગત સંશોધન (D) ક્રિયાત્મક સંશોધન

(54) 'બાળક જ્ઞાનનો સર્જક છે, ઉપભોક્તા નહીં.' - આ વિધાન કયા વાદનો નિષ્કર્ષ છે ?

(A) વર્તનવાદ (B) પ્રાકૃતિકવાદ

(C) વ્યવહારવાદ (D) સંરચનાવાદ

(55) 'કેળવણી એ કુદરતી પ્રક્રિયા છે, કૃત્રિમ નહિ.' - આ સંકલ્પના કોણે આપી હતી ?

(A) એરિસ્ટોટલ (B) રૂસો

(C) ફ્રોબેલ (D) મોન્ટેસરી

(56) R, U, X, A, D, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?

(A) F (B) G

(C) H (D) I

(57) 1, 3, 3, 6, 7, 9, 9, 12, 21, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?

(A) 10 (B) 11

(C) 12 (D) 13

(58) 10, 100, 200, 310, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?

(A) 400 (B) 410

(C) 420 (D) 430

(59) TEACHER ને કોડવર્ડમાં VGCEJGT તરીકે લખવામાં આવે તો CHILDREN ને કોડવર્ડમાં નીચેના પૈકી કયા શબ્દ દ્વારા લખવામાં આવશે ?

(A) EJKNEGTP (B) EGKNFITP

(C) EJKNFGTO (D) EJKNFTGP

(60) TWENTY ને કોડવર્ડમાં 863985 અને ELEVEN ને કોડવર્ડમાં 323039 તરીકે લખવામાં આવે તો TWELVE તે કોડવર્ડમાં નીચેની પૈકી કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવશે ?

(A) 863203 (B) 863584

(C) 863903 (D) 863063


(61) કોડ ભાષામાં ‘123’ એટલે ‘bright little boy’ અને ‘145’ એટલે ‘tall big boy’ તેમજ ‘637’ એટલે ‘beautiful little flower’ તો શબ્દ ‘bright’ માટે કઈ સંખ્યા આવશે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(62) જો + એટલે x, x એટલે –, ÷ એટલે + અને – એટલે ÷ તરીકે ગણવામાં આવે તો 175 – 25 ÷ 5 + 20 x 3 + 10 નું પરિણામ નીચેની કઈ સંખ્યા આવશે.


(A) 77 (B) 160 (C) 240 (D) 2370

(63) આકૃતિમાં ‘?’ ની જગ્યાએ યોગ્ય વિકલ્પ પસંદ કરો.




(A) 860 (B) 1140 (C) 2880 (D) 3240

(64) આપેલ આકૃતિમાં કેટલા ત્રિકોણ આવેલા છે ?



(A) 15 (B) 16 (C) 17 (D) 18

(65) 3:40 કલાકે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચેનો ખૂણો કેટલા અંશનો હશે ?

(A) 140 (B) 150 (C) 130 (D) 120

(66) અલગ પડતી જોડ શોધો ?

(A) દહીં - દુધ (B) ચંપલ - ચામડું

(C) મગફળી - તેલ (D) ખાંડ - શેરડી

(67) આપેલ શબ્દને મુળાક્ષરોના ક્રમ પ્રમાણે ગોઠવો.

(1) INTERANAL (2) INSECT (3) INCOME (4) INTERN (5) INSIDE

(A) 3, 2, 5, 4, 1 (B) 3, 4, 5, 2, 1

(C) 4, 5, 1, 3, 2 (D) 3, 1, 2, 4, 5

(68) એક લિપ વર્ષનો પહેલો દિવસ રવિવાર છે. તો તે વર્ષમાં કેટલા રવિવાર હશે ?


(A) 50 (B) 51 (C) 52 (D) 53

(69) એક વ્યક્તિ તેની કાર પૂર્વ દિશામાં 50 કિ.મી ચલાવે છે. તે જમણી બાજુ વાળીને 30 કિ.મી. જાય છે. તે પછી પશ્ચિમ દિશામાં વળીને 10 કિ.મી. જાય છે. તો તે પ્રારંભથી કેટલા કિ.મી. દૂર છે ?

(A) 20 કિ.મી. (B) 50 કિ.મી.

(C) 100 કિ.મી. (D) 60 કિ.મી.

(70) અલગ આકૃતિ શોધો ?




(A) A (B) B (C) C (D) D

(71) ................. અગ્નિનો સમાનાર્થી છે.

(A) અનલ (B) અનિલ (C) અનંગ (D) તપસ

(72) નીચેનામાંથી ................. કર્મધારેય સમાસનું ઉદાહરણ છે.

(A) તકસાધુ (B) કલ્પવૃક્ષ (C) પંચામૃત (D) પરમેશ્વર

(73) તમારાથી વડીલો સામે ઊંચા અવાજે ન બોલાય. - વાક્યનો પ્રકાર ઓળખો.

(A) કર્તરિ (B) કર્મણિ (C) ભાવે (D) પ્રેરક

(74) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી. આ કાવ્યનો પ્રકાર જણાવો.

(A) દુહા (B) મુક્તક (C) હાઈકુ (D) સૉનેટ

(75) ખોટી જોડણી કઈ છે ?

(A) સુદૃઢ (B) દીકરી (C) અકસ્માત્ (D) કનિષ્ટ

(76) 'નીરવ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શું થાય ?

(A) સૂમસામ (B) ધવલ (C) પીડા (D) કોલાહલ

(77) સમાનાર્થી શબ્દોની ખોટી જોડ હોય તે વિકલ્પ કયો છે ?

(A) ખોભણ - ગુફા (B) અનરવો - હિંમતવાન (C) અડવડિયું - લથડિયું (D) આર્દ્રતા - મૃદુતા

(78) 'ઘોડાના સવારને બેસવા માટે ઘોડાની પીઠ પર રાખવાનું રૂ કે ઊનનું આસન' - શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો છે?

(A) દળી (B) ટેકણિયું (C) પીઠિકા (D) માંચડો

(79) વિરામચિહ્નોનો ઉચિત પ્રયોગ ન થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) હાશ ! હવે નિરાંત થઈ !

(B) પ્રશ્નપત્ર જોઈ વિદ્યાર્થીઓ મૂંઝાયા, એમને કાંઈ સૂઝ પડી નહીં, ઉત્તરપત્રો મૂકી દઈને ચલતી પકડી.

(C) મેં જાણ્યું : મારાં લખાણો એને ગમતાં નથી.

(D) .....તો મારો દુશ્મન છે.

(80) શબ્દ અને તેના અનેકાર્થી શબ્દોની ખોટી જોડ હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) ગુણ - પણછ, દોરડું (B) કૂટ - ઠગાઈ, શિખર

(C) કાંત - મન, અંતઃકરણ (D) કર - કિરણ, સૂંઢ

(81) આપેલ વાક્યોમાં રેખાંકિત કરેલ શબ્દનો ઉચિત પ્રયોગ થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) મેં આ પત્ર કે ઠરાવ **<u>વાંચ્યા</u>** નથી. (B) કામ **<u>વેળાસર</u>** થાય તે જ અગત્યનું છે.

(C) સાંજે છ **<u>વાગે</u>** જાહેર ગ્રંથાલય બંધ થાય છે. (D) દરેકે આવકમાંથી **<u>યથાશક્તિ પ્રમાણે</u>** દાન કરવું જોઈએ.

(82) 'દેવ્યૈશ્વર્ય' શબ્દનો સંધિવિગ્રહ શું થાય ?

(A) દેવ + ઐશ્વર્ય (B) દેવે + એશ્વર્ય

(C) દેવ્ય + ઐશ્વર્ય (D) દેવી + ઐશ્વર્ય

(83) આપેલાં વાક્યોમાં 'કર્મણિ વાક્ય' કયું છે ?

(A) એ સમયમાં લોકો જુગાર રમતા. (B) એણે પચાસ માણસોને જમાડ્યા.

(C) સરકાર તરફથી આ મહિને અનાજ અપાયું છે. (D) અશોક કંઈ બોલ્યો ન હોત.

(84) 'છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય **<u>ખરેખર</u>** કારગત નીવડ્યો.' - વાક્યમાં રેખાંકિત કરેલ શબ્દ 'ખરેખર' ક્રિયાવિશેષણનો કયો પ્રકાર છે ?

(A) અભિગમવાચી ક્રિયાવિશેષણ (B) સમયવાચક ક્રિયાવિશેષણ

(C) રીતિવાચક ક્રિયાવિશેષણ (D) સ્થાનવાચક ક્રિયાવિશેષણ

(85) 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું.' - અલંકાર ઓળખાવો.

(A) વ્યક્તિરેક અલંકાર (B) અતિશયોક્તિ અલંકાર

(C) રૂપક અલંકાર (D) ઉપમા અલંકાર

(86) Mahesh was too smart. (Remove 'too' without changing the meaning.)

(A) Mahesh was not smart at all.

(B) Mahesh was smart more than required.

(C) Mahesh was foolish.

(D) I was doubtful whether Mahesh was smart or not.

(87) .................... INS Arihant is .................... Indian Naval ship. (Fill in the blanks)

(A) The & an (B) An & an

(C) A & an (D) The & the

(88) Most students have brought their homework. ..................... of them have not completed it yet.

(A) None (B) Few

(C) Each (D) A little

(89) મેં મારા વાળ કપાવ્યા. - આ વાક્યનું ચોક્કસ અંગ્રેજી ભાષાંતર શું થશે ?

(A) I cut my hair. (B) I clipped my hair.

(C) I got my hair cut. (D) I had a nice hair cut.

(90) Give the nearest meaning of word : **<u>'Phantom'.</u>**

(A) existent (B) imaginary

(C) corporeal (D) tangible

(91) Give the verb form of **<u>'little'.</u>**

(A) alittle (B) unlittle

(C) belittle (D) bilittle

(92) Change the voice : "What caused COVID-19 ?"

(A) What was COVID-19 caused by ? (B) What was caused by COVID-19 ?

(C) By what is COVID-19 caused ? (D) By what COVID-19 was caused ?

(93) Select the word or phrase which is closest to the opposite in meaning of the underlined word : "Rahul will never **accept** your request."

(A) turn over (B) turn down

(C) turn up (D) reject

(94) Add a suitable question tag : Radha, one of my neighbours slipped off a staircase. ............. ?

(A) did she (B) does she

(C) doesn't she (D) didn't she

(95) Fill in the blanks with appropriate set of prepositions : Nidhi travelled ................ her mother all ................ the world when she was 17 years old.

(A) by, above (B) for, around

(C) with, around (D) with, over

(96) Turn this sentence into English : "હજુ પણ હું તેને ત્યાં એકલી ઊભેલી જોઈ શકતો હતો."

(A) I could still saw her standing there alone. (B) I could still see her stood there alone.

(C) I could still see her standing there alone. (D) I can still see her standing there alone.

(97) Fill in the blanks with the appropriate word / words : Rohan and Nayan have been on vacation ..................... May 2023. They ..................... to Manali for a week.

(A) for, had gone (B) since, had gone

(C) for, have gone (D) since, have gone

(98) Mantra got the first prize last week. Find out the correct option to get the underlined answer.

(A) Which prize did Mantra get last week ?

(B) When did Mantra get the first prize ?

(C) Which prize Mantra got last week ?

(D) Where did Mantra get the first prize ?

(99) Ravi ...................... in this company for five years. Find out correct form of verb from the options.

(A) works (B) is working

(C) has been working (D) have worked

(100) Find out the correct spelling from the options.

(A) Spactacular (B) Spectacular

(C) Spactaculor (D) Specteculor

101) બેંકમાં ચેકની ઝડપી પ્રક્રિયા માટે ............. વપરાય છે.
(A) OMR (B) OCR (C) ATM (D) MICR

102) RAM નો ઝડપી પ્રકાર કયો છે ?
(A) ડાયનેમિક રેમ (B) સ્ટેટિક રેમ (C) અલ્ટ્રા રેમ (D) એક પણ નહી

103) મોબાઈલમાં ફર્મવેર અપડેટ કરવા માટે ........... નો ઉપયોગ થાય છે.
(A) FOTA (B) FODA (C) FIFO (D) FLOPS

104) રાસ્ટર ઈમેજનું સ્વરૂપ ............ છે.
(A) BMP (B) JPG (C) PNG (D) બધાજ

105) ઓપરેટીંગ સિસ્ટમની ઓળખ .................. ના દેખાવ ઉપરથી થાય છે.
(A) શેલ (B) કર્નલ (C) ડિવાઈસ (D) એક પણ નહીં

106) ઉબન્ટુ લિનક્સ ............... GNU આધારિત છે.
(A) MARK (B) Debian (C) KDE (D) એક પણ નહીં

107) ઉબન્ટુમાં ............... ઉપયોગકર્તાને sudo કમાન્ડ ચલાવવાની અનુમતિ આપવામાં આવે છે.
(A) સુપર (B) નોર્મલ (C) એડમિન (D) બધાં જ

108) ................ નામનું ટેક્સ્ટ એડિટર ફાઈલ અને દસ્તાવેજ માટેનું ગ્રાફિકલ એડિટર છે.
(A) dedit (B) iedit (C) gedit (D) fedit

109) ઉબન્ટુમાં મળતા મ્યુઝિક પ્લેયર પ્રોગ્રામનું નામ .............. છે.
(A) VLC (B) Rhythmbox (C) Media Player (D) Rhythms

110) .................. ઓફિસ સ્યૂટનો ભાગ છે.
(A) Writer (B) Base (C) Impress (D) બધાં જ

111) Writer માં ટેબલ દાખલ કરવા માટે ............. શોર્ટ કટ કી નો ઉપયોગ થાય છે.
(A) CTRL + F12 (B) CTRL + F2 (C) CTRL + F4 (D) CTRL + F7

112) Writer માં Mail Merge માં ડેટા સોર્સનો માન્ય પ્રકાર ક્યો છે ?
(A) MYSQL (B) Adabas (C) ODBC (D) બધાં જ

113) ઓપન ઓફિસમાં પ્રેઝન્ટેશન માટેનું સોફ્ટવેર ............ છે.
(A) Calc (B) Writer (C) Base (D) Impress

114) ટાસ્કપેનમાં .................... નો સમાવેશ થાય છે.
(A) ટેબલ ડિઝાઈન (B) કસ્ટમ એનિમેશન (C) સ્લાઈડ ટ્રાન્ઝિશન (D) બધાં જ

115) પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરતા ઉપગ્રહ દ્વારા પ્રાપ્ત થતી ઇન્ટરનેટ સેવા ............ છે.
(A) Wimax (B) WLAN (C) WiFi (D) IoS

116) URL ની શરૂઆતમાં ક્લાયન્ટ અને બ્રાઉઝર જોડાણ સલામતીના ઉદ્દેશથી ............. સાંકેતિક ભાષામાં કરવામાં આવે છે.

(A) HTTP (B) FTP (C) HTTPS (D) WWW

117) સર્ચ એન્જિન ઉપયોગકર્તા પાસેથી કી - વર્ડ લઈ બીજા અનેક સર્ચ એન્જિન શોધી તે કી - વર્ડ પ્રસારિત કરે તેને ........... સર્ચ એન્જિન કહે છે.

(A) મેટા (B) આર્સ (C) કિટા (D) ઝીટા

118) વહીવટી સ્વયંશાસનનો વિસ્તાર, અધિકૃતતા કે ઇન્ટરનેટ પર નિયંત્રણ વ્યાખ્યાયિત કરતા લખાણને ............. કહે છે.

(A) DSL (B) Domain Name (C) DNS (D) ISDN

119) ઇન્ટરનેટના માધ્યમ દ્વારા ટેલીફોન સેવા ઉપલબ્ધ કરાવતી પદ્ધતિ કઈ છે ?

(A) PSTN (B) VoIP (C) WLAN (D) 5G

120) હેકરનો હેતુ સિસ્ટમના અગત્યના સ્રોતને મેળવવાનો ન હોય પરંતુ સિસ્ટમના કાર્યને ખોરવી નાખવાનો હોય તો ..................હુમલઓની યોજના કરવામાં આવે છે.

(A) Dos (B) DNS (C) IoS (D) Cos

121) મૂળ લખાણને ઉકેલી ન શકાય તેવા સંદેશામાં ફેરવી આપતા તર્કને ............. કહે છે.

(A) ડિ - કોડ (B) સાઈફર (C) પ્લેઈન (D) કોડ

122) ઉબન્ટુમાં HTML દસ્તાવેજને સુધારવા માટે કયું એડિટર વપરાય છે ?

(A) SCiTE (B) BriTE (C) LigTE (D) SpriTE

123) Information = Data + ..........................

(A) Context (B) System (C) Wisdom (D) Knowledge

124) .............. દિવસને કોમ્પ્યુટર સુરક્ષા દિવસ ઓળખવામાં આવે છે.

(A) ૨ ડિસેમ્બર (B) ૨૪ ડિસેમ્બર (C) ૩૦ નવેમ્બર (D) ૫ ડિસેમ્બર

125) કોમ્પ્યુટરની ઇન્સ્ટ્રક્શન સાયકલમાં .............. નો સમાવેશ થતો નથી.

(A) Fetch (B) Decode (C) Find (D) Store

126) 1111 બાયનરી નંબરને 2 કોમ્પ્લીમેન્ટમાં કઈ રીતે લખાય ?

(A) 0000 (B) 1000 (C) 0111 (D) 0001

127) ઇન્ટરનેટ ઉપર વાતચીત કે વાર્તાલાપ કરવાની પદ્ધતિ ................ તરીકે ઓળખાય છે.

(A) IRC (B) URC (C) URI (D) Chat

128) વર્લ્ડ વાઇડ વેબના વિચારની કલ્પના કરવાનો શ્રેય કોને આપવામાં આવે છે ?

(A) સ્ટીવ જોબ્સ (B) બિલ ગેટ્સ (C) ટિમ બર્નર્સ-લી (D) માર્ક ઝકરબર્ગ

129) HTML નો પ્રાથમિક હેતુ શું છે ?

(A) વિવિધ કમ્પ્યુટર્સને જોડવા માટે

(B) વેબ બ્રાઉઝર દ્વારા વેબપેજ કેવી રીતે પ્રદર્શિત થવું જોઈએ તેનું વર્ણન કરવા માટે

(C) ઓનલાઈન ગેમિંગ માટે પ્લેટફોર્મ પૂરું પાડવું

(D) અદ્યતન સોફ્ટવેર એપ્લિકેશન્સ બનાવવા માટે

130) HTML માં કમેન્ટ ટેગનું કાર્ય શું છે ?

(A) વેબપેજ પર દૃશ્યમાન કમેન્ટ્સ ઉમેરવા માટે

(B) HTML કોડમાં વધારાની બિન-પ્રદર્શિત માહિતી પ્રદાન કરવા

(C) વેબપેજનું શીર્ષક સ્પષ્ટ કરવા માટે

(D) વેબપેજના લેખકનો ઉલ્લેખ કરવા માટે

131) HTML ભાષા અંતર્ગત <img> ટેગમાં "src" લક્ષણ (attribute) શું સ્પષ્ટ કરે છે ?

(A) ઈમેજનું સંરેખણ (B) ઈમેજનો સ્રોત / સ્થાન (C) ઈમેજનું કદ (D) ઈમેજનું વર્ણન

132) ટેબલ રો અને ટેબલ સેલને અનુક્રમે વ્યાખ્યાયિત કરવા માટે કયા HTML ટેગ્સનો ઉપયોગ થાય છે ?

(A) <tr> અને <td> (B) <tb> અને <tc>

(C) <row> અને <cell> (D) <table> અને <item>

133) સ્પ્રેડશીટ પેકેજમાં વર્કબુકનો મુખ્ય હેતુ શું છે ?

(A) ડોક્યુમેંટ છાપવા માટે (B) જુદી જુદી સ્પ્રેડશીટ્સને મેનેજ કરવા

(C) બિલ્ટ-ઇન ફોર્મ્યુલા પ્રદાન કરવા (D) ડેટાને ફોર્મેટ કરવા માટે

134) નીચેનામાંથી કયું સ્પ્રેડશીટ પેકેજની લાક્ષણિક એપ્લિકેશન નથી ?

(A) નાણાકીય પ્રવૃત્તિઓ જેમ કે લોનના હપ્તાની ગણતરી

(B) અંગત ગતિવિધિઓ જેમ કે અંગત વજન ટ્રેકિંગની ગણતરી

(C) પરિણામ વિશ્લેષણ અને મેરિટ યાદીની ગણતરી

(D) સ્લાઇડ શો પ્રેઝન્ટેશન બનાવવું

135) સ્પ્રેડશીટમાં ડેટા સ્ટોરેજનો મૂળભૂત એકમ શું છે ?

(A) વર્કશીટ (B) સેલ (C) રો (D) કૉલમ

136) Calc માં મૂળભૂત રીતે નવી સ્પ્રેડશીટ કેટલી વર્કશીટ્સ પ્રદાન કરે છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

137) Calcમાં A1 અને A10 વચ્ચેના તમામ મૂલ્યો ઉમેરવા માટે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે ?

(A) =SUM(A1+A10) (B) =SUM(A1, A10)

(C) =SUM(A1:A10) (D) =SUM(A1-A10)

138) Calcમાં સંખ્યાનું વર્ગમૂળ શોધવા માટે તમે કયા ફંક્શનનો ઉપયોગ કરશો ?

(A) SQ (B) SQRT (C) SQR (D) ROOT

139) વ્યવસાયમાં ચાર્ટ પેટર્ન હેઠળના ખ્યાલને સમજવું શા માટે મહત્વપૂર્ણ છે ?

(A) ચાર્ટ બનાવવા માટે સમર્થ થવા માટે

(B) અમાન્ય ડેટાને ઓળખવામાં સમર્થ થવા માટે

(C) ચાર્ટ વ્યવસાયમાં કેવી રીતે મદદરૂપ થશે અને તેનો ઉપયોગ કરીને કયા નિર્ણયો લઈ શકાય તે સમજવા માટે

(D) સ્પ્રેડશીટમાં ડેટા શ્રેણી પસંદ કરવામાં સમર્થ થવા માટે

140) નીચેનામાંથી કયો વિકલ્પ ચાર્ટનો ઉપયોગ કરવાનું કારણ નથી ?

(A) સમય જતાં વલણના વિશ્લેષણ માટે

(B) સંસ્થાઓ વચ્ચેના સંબંધને ઓળખવા અને સમજવા માટે

(C) જટિલ અલ્ગોરિધમ સમજવા માટે

(D) વિચલનોની તપાસ માટે

141) Calc માં, જો તમે તમારા ચાર્ટને અન્ય કોઈ સ્થાન પર ખસેડો તો શું થશે ?

(A) ડેટા શ્રેણી (રેન્જ) બદલાય છે. (B) ડેટા શ્રેણી (રેન્જ) એ જ રહે છે.

(C) ચાર્ટ ડિફોલ્ટ પર રીસેટ છે. (D) ચાર્ટ કાઢી નાખવામાં આવ્યો છે.

142) સમસ્યાના ઉકેલના સંદર્ભમાં, માનસિક અથવા મશીન પ્રક્રિયા તરીકે શું વ્યાખ્યાયિત કરી શકાય છે જે ઇચ્છિત પરિણામ તરફ દોરી જાય છે ?

(A) સમસ્યા પોતે (B) ઉકેલ

(C) સમસ્યા હલ કરવાની પદ્ધતિ (D) સમસ્યાનું પરિણામ

143) નીચેનામાંથી કયું પગલું સમસ્યા-નિવારણમાં કમ્પ્યુટર દ્વારા કરવામાં આવતું નથી ?

(A) સમસ્યાને વ્યાખ્યાયિત કરો

(B) સમસ્યાના ઇનપુટ, આઉટપુટ અને અવરોધને ઓળખો

(C) સૂચના સમૂહનો ઉપયોગ કરીને પરિણામોની ગણતરી કરો

(D) મેળવેલ જવાબની સત્યતા તપાસો

144) નિર્ણય દર્શાવવા માટે ફ્લોચાર્ટમાં કયા પ્રતીકનો ઉપયોગ થાય છે ?

(A) અંડાકાર (Oval) (B) લંબચોરસ (Rectangle)

(C) ડાયમંડ (Diamond) (D) સમાંતરગ્રામ (Parallelogram)

145) C પ્રોગ્રામિંગમાં વૈશ્વિક ચલ (variable)નું સાચું વર્ણન શું છે ?

(A) એક ચલ (variable) કે જેનો ઉપયોગ ફક્ત ચોક્કસ કાર્યમાં જ થઈ શકે છે.

(B) એક ચલ (variable) કે જોનો ઉપયોગ પ્રોગ્રામના તમામ કાર્યોમાં થઈ શકે છે.

(C) એક ચલ (variable) જેનો ઉપયોગ ફક્ત મુખ્ય કાર્યમાં જ થઈ શકે છે.

(D) એક ચલ (variable) કે જે ફક્ત વૈશ્વિક મૂલ્યોને સંગ્રહિત કરી શકે છે.

146) C ભાષામાં ડેટા પ્રકાર શું છે ?

(A) મૂલ્ય (value) નો પ્રકાર કે જે ઓળખકર્તા (identifier) ને સોંપી શકાય છે.

(B) C ભાષામાં વપરાયેલ કીવર્ડ (keyword)

(C) C માં નિવેદન (statement)

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

147) C માં માત્ર હકારાત્મક મૂલ્યો (positive value) સંગ્રહિત કરવા માટે આપણે ચલ (variable) ને કેવી રીતે વ્યાખ્યાયિત કરી શકીએ ?

(A) "sign" કીવર્ડનો ઉપયોગ કરો

(B) કીવર્ડ ''પોઝિટિવ'' નો ઉપયોગ કરો

(C) કીવર્ડ "unsigned કરેલ" નો ઉપયોગ કરો

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

148) C કોમ્પ્યુટર ભાષામાં unsigned character ની રેંજ કેટલી છે ?

(A) 0 થી 128 (B) -128 થી 127 (C) 0 થી 255 (D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

149) C પ્રોગ્રામમાં #include<stdio.h> સ્ટેટમેન્ટનો મુખ્ય હેતુ શું છે ?

(A) સ્ટાન્ડર્ડ ઇનપુટ / આઉટપુટ લાઇબ્રેરી ફંક્શન્સ સામેલ કરવા

(B) નવા ચલ (variable) ને વ્યાખ્યાયિત કરવા માટે

(C) મુખ્ય કાર્ય (main function) શરૂ કરવા માટે

(D) ઉપર્યુક્તમાંથી કોઈ નહીં

150) C ભાષામાં કયું function સ્ક્રીન પરના પાત્રને પડઘો પાડતું નથી ?

(A) getchar() (B) getc() (C) getch() (D) gets()

151) કોમ્પ્યુટર ની C પ્રોગ્રામિંગ ભાષામાં decision structure statements નો સંદર્ભ આપવા માટે કયા શબ્દનો ઉપયોગ થતો નથી ?

(A) Selective structure statements (B) Branching statements

(C) Looping statements (D) Decision-making statements

152) નીચેનામાંથી કયું કોમ્પ્યુટરની પ્રોગ્રામિંગ C ભાષામાં " if " વિધાનનું સ્વરૂપ નથી ?

(A) Simple if statement (B) If-else statement

(C) Nested if statement (D) If-while statement

153) વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરની વિભાવનાનો પરિચય આપતી વખતે, નીચેનામાંથી કયો અભિગમ અસરકારક હોઈ શકે ?

(A) જટિલ પ્રોગ્રામિંગ ભાષાઓ સમજાવીને પ્રારંભ કરો.

(B) વિવિધ ક્ષેત્રોમાં કોમ્પ્યુટરની એપ્લીકેશનથી શરૂઆત કરો.

(C) માત્ર કોમ્પ્યુટરના ઇતિહાસ પર ફોકસ કરો.

(D) સંદર્ભ વિના સીધા કમ્પ્યુટર હાર્ડવેરમાં જાઓ.

154) કમ્પ્યુટરના ઘટકો (જેમ કે ઇનપુટ યુનિટ, મેમરી, સીપીયુ, આઉટપુટ યુનિટ) શીખવવા માટેનો સારો અભિગમ શું છે ?

(A) કોઈપણ વધુ સમજૂતી વિના તમામ ઘટકોની સૂચિબદ્ધ કરીને પ્રારંભ કરો.

(B) એક પછી એક ઘટકોનો પરિચય આપો, તેમના કાર્યો અને તેઓ કેવી રીતે ક્રિયા-પ્રતિક્રિયા કરે છે તે સમજાવે છે.

(C) ફક્ત તે ઘટકોની ચર્ચા કરો જે વિદ્યાર્થીઓ રૂબરૂ જોશે.

(D) ફક્ત કમ્પ્યુટરના સૌથી જટિલ ઘટકો પર ધ્યાન કેન્દ્રિત કરો.

155) ''સ્પીચ રેકગ્નિશન ડિવાઈસીસ'' અને ''ઇલેક્ટ્રોનિક કાર્ડ રીડર'' જેવા જટિલ ખ્યાલોને સ્પષ્ટ કરવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ ?

(A) શુદ્ધ ભાષા અને તકનીકી શબ્દોનો ઉપયોગ કરવો

(B) ઉદાહરણો અને ચિત્રો દ્વારા

(C) નિર્દેશન દ્વારા

(D) પીઅર-ટુ-પીઅર (સહભાગી) શિક્ષણને પ્રોત્સાહિત કરીને

156) જો કોઈ શિક્ષક યુનિક્સ સિસ્ટમનો ઇતિહાસ અને વિકાસ દર્શાવવા માંગતો હોય, તો નીચેની કઈ શિક્ષણ પદ્ધતિ આ ધ્યેયને અનુરૂપ હશે ?

(A) વ્યાખ્યાન પદ્ધતિ (B) સમૂહકાર્ય (C) વ્યક્તિગત કાર્ય (D) રોલ પ્લે

157) GNOME2 માં એપ્લિકેશન મેનુનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવતી વખતે, વિદ્યાર્થીઓ માટે કયો અભિગમ સૌથી વધુ ફાયદાકારક રહેશે ?

(A) તમામ એપ્લિકેશન્સ અને તેમના કાર્યોની સૂચિ પ્રદાન કરો.

(B) દરેક કેટેગરીના કાર્યને સમજાવો અને વિદ્યાર્થીઓને દરેક એપ્લિકેશન પર કાર્ય કરવા દો.

(C) દરેક એપ્લિકેશનનો વિગતવાર ઉપયોગ કેવી રીતે કરવો તે દર્શાવો.

(D) સંક્ષિપ્ત ઝંખી આપો અને અપેક્ષા રાખો કે વિદ્યાર્થીઓ બાકીનું જાતે શીખે.

158) વર્ડ પ્રોસેસિંગ સોફ્ટવેર વિશે શીખવતી વખતે, પ્રારંભિક દસ્તાવેજ (document) બનાવવાના પડકારોને સમજાવવા માટે નીચેનામાંથી કઈ પદ્ધતિ ઉપયોગી થશે ?

(A) વિદ્યાર્થીઓને હાથ વડે નિબંધ લખવા દો.

(B) વિદ્યાર્થીઓને ટાઇપરાઇટરનો ઉપયોગ કરીને દસ્તાવેજ લખવાનો પ્રયાસ કરવા દો.

(C) કોઈપણ વર્ડ પ્રોસેસિંગ સોફ્ટવેરનો ઉપયોગ કર્યા વિના વિદ્યાર્થીઓને દસ્તાવેજ (document) ટાઇપ કરવા દો.

(D) વિદ્યાર્થીઓને આધુનિક વર્ડ પ્રોસેસરનો ઉપયોગ કરીને દસ્તાવેજ (document) બનાવવા કહો

159) HTML શીખવતી વખતે શીખવાના પરિણામોને વધારવા માટે કઈ શિક્ષણ વ્યૂહરચના અસરકારક રીતે સામેલ કરી શકાય ?

(A) એકબીજા સાથે સંવાદ કરીને (B) કોડિંગનું નિર્દેશન કરીને

(C) સમાન્ય સૂચના આપીને (D) વ્યાખ્યાન દ્વારા

160) વિદ્યાર્થીઓને વેબ ડેવલપમેન્ટ વિશે શીખવતી વખતે HTML કોડમાં ટિપ્પણીઓ શામેલ કરવી શા માટે મહત્વપૂર્ણ છે ?

(A) ટિપ્પણીઓ વેબપેજને વધુ વ્યાવસાયિક બનાવે છે.

(B) ટિપ્પણીઓ વેબપેજ પર વધારાની માહિતી પ્રદર્શિત કરવામાં મદદ કરે છે.

(C) ટિપ્પણીઓ કોડ માટે સંદર્ભ અને સમજૂતી પ્રદાન કરી શકે છે, જે સમજવામાં મદદ કરે છે.

(D) વેબપેજ યોગ્ય રીતે કાર્ય કરવા માટે ટિપ્પણીઓ આવશ્યક છે.

161) Calc સ્પ્રેડશીટ પેકેજ વિશે શીખવતી વખતે, તમે પંક્તિઓ (raw), કૉલમ્સ (colum) અને કોષો (cell)નો ખ્યાલ કેવી રીતે રજૂ કરશો ?

(A) A માત્ર વ્યાખ્યાઓ આપીને.

(B) B એપ્લિકેશનમાં પંક્તિઓ, કૉલમ અને કોષો પસંદ કરવાનું નિર્દેશન આપવું.

(C) C ખ્યાલને સંપૂર્ણપણે અવગણવું.

(D) વિદ્યાર્થીઓને માર્ગદર્શન વિના એપ્લિકેશનનું જોવા કરવાની મંજૂરી આપવી.

162) Calc દ્વારા ચાર્ટ (graph) શીખવવાની તૈયારી કરતી વખતે શિક્ષકે પ્રથમ શું કરવું જોઈએ ?

(A) ઉપયોગ કરવા માટે ચાર્ટનો પ્રકાર પસંદ કરો
(B) ડેટા એકત્રિત કરો અને ગોઠવો
(C) તે સ્પષ્ટ કરો કે ચાર્ટ શું અભિવ્યક્ત કરવાનો છે
(D) સ્પ્રેડશીટમાં ચાર્ટ દાખલ કરો

163) કોમ્પ્યુટરની ભાષા શીખવવાની પદ્ધતિમાં,સમસ્યાનું નિરાકરણ કરવાની પ્રક્રિયાને દૃષ્ટિની રીતે રજૂ કરવા માટે વપરાતું પ્રાથમિક સાધન કયું છે ?

(A) વેન આકૃતિઓ (B) પાઇ ચાર્ટ (C) ફ્લોચાર્ટ (D) બાર આલેખ

164) પ્રોગ્રામિંગ સંદર્ભમાં દસ્તાવેજીકરણનો ઉપયોગ કરવાનો હેતુ શું છે ?

(A) બહુવિધ ભાષાઓમાં પ્રોગ્રામ લખવા.

(B) વિદ્યાર્થીઓને સ્પષ્ટ અને ચોક્કસ સૂચનાઓ પ્રદાન કરવી.

(C) પ્રોગ્રામના હેતુ, લેખક અને બનાવટની તારીખને દસ્તાવેજ કરવા.

(D) પ્રોગ્રામિંગ ભાષાના નિયમો અને વાક્યરચના વ્યાખ્યાયિત કરવા.

165) કોમ્પ્યુટર C પ્રોગ્રામિંગ ભાષામાં ડેટાના પ્રકારો, ઓપરેટર્સ અને અભિવ્યક્તિઓનો પરિચય કરાવવા માટે નીચેનામાંથી કઈ શિક્ષણ પદ્ધતિ સૌથી અસરકારક છે ?

(A) સૈદ્ધાંતિક સમજૂતીઓ અને ઉદાહરણો સાથે વ્યાખ્યાન-શૈલીનું શિક્ષણ

(B) તાત્કાલિક પ્રતિસાદ સાથેની કોડિંગ કસરતો

(C) વાસ્તવિક વિશ્વ એપ્લિકેશન્સનું અન્વેષણ કરવા માટે સહયોગી જૂથ પ્રોજેક્ટ્સ

(D) ઇન્ટરેક્ટિવ ક્વિઝ સાથે સ્વ-પેસ્ડ ઑનલાઇન ટ્યુટોરિયલ્સ

166) નીચેનામાંથી કયું વિધાન પ્રોગ્રામિંગમાં પુનરાવર્તન (loop structure)ની વિભાવનાને શ્રેષ્ઠ રીતે વર્ણવે છે ?

(A) તે સ્રોત કોડને મશીન કોડમાં કમ્પાઇલ કરવાની પ્રક્રિયાનો સંદર્ભ આપે છે.

(B) તે ચલને મૂલ્ય અસાઇન કરવાની ક્રિયા છે .

(C) તે ચોક્કસ શરત પૂરી ન થાય ત્યાં સુધી કોડના બ્લોકનું પુનરાવર્તિત અમલ છે.

(D) તે કોડને ફંક્શન્સ અને મોડ્યુલોમાં ગોઠવવા માટે વપરાતી તકનીક છે.

167) નીચેનામાંથી કયું C ભાષામાં ફંક્શન પરિમાણ (parameters) વિશે સાચું છે ?

(A) કાર્યોમાં પરિમાણો (parameters) હોઈ શકતા નથી.

(B) પરિમાણો (parameters) વૈકલ્પિક છે અને કાર્ય કરવા માટે જરૂરી નથી.

(C) પરિમાણોનો (parameters) ઉપયોગ ફંક્શનમાં મૂલ્યો પસાર કરવા માટે થાય છે.

(D) પરિમાણ (parameters)નો ઉપયોગ ફંક્શનમાં સ્થાનિક ચલોને જાહેર કરવા માટે થાય છે.

168) નીચેનામાંથી કયું નોન-વોલેટાઇલ સેકેન્ડરી મેમરીનું ઉદાહરણ છે ?

(A) પ્રાયમરી મેમરી (B) હાર્ડ ડિસ્ક

(C) રેમ (D) કેશ મેમરી

169) કમ્પ્યુટરમાં એરિથમેટિક લોજિક યુનિટ (ALU) નું મુખ્ય કાર્ય શું છે ?

(A) ડેટા અને સૂચનાઓનો સંગ્રહ

(B) સૂચનાઓ અને નિયંત્રણ કામગીરીના અમલનું સંચાલન

(C) ગાણિતિક અને તાર્કિક ગણતરી કરવી

(D) મૉનિટર પર આઉટપુટ દર્શાવવું

170) નીચેનામાંથી કયું કમ્પ્યુટરનું લક્ષણ ગણવામાં આવે છે ?

(A) મર્યાદિત શારીરિક ક્ષમતા (B) પરાવર્તિત કાર્યો કરવામાં અસમર્થતા

(C) પ્રોગ્રામ કરવાની ક્ષમતા (D) અચોક્કસતા

171) નીચેનામાંથી કયું પ્રથમ વિકસિત કેલ્ક્યુલેટર ગણવામાં આવે છે ?

(A) એબેકસ (B) એનાલીટીકલ એન્જિન

(C) લેબનિઝ દ્વારા વિકસિત મશીન (D) બ્લેઈઝ પાસ્કલ દ્વારા વિકસિત કેલ્ક્યુલેટર

172) ચોથી અને પાંચમી પેઢીની પ્રોગ્રામિંગ ભાષાઓ વચ્ચેનો મુખ્ય તફાવત શું છે ?

(A) ચોથી પેઢીની ભાષાઓ શીખવી સરળ છે.

(B) પાંચમી પેઢીની ભાષાઓને વધુ સ્પષ્ટ સૂચનાઓની જરૂર છે.

(C) AI એપ્લિકેશન્સ માટે ચોથી પેઢીની ભાષાઓનો ઉપયોગ થાય છે.

(D) પાંચમી પેઢીની ભાષાઓ પ્રોગ્રામર વિના સમસ્યાઓ ઉકેલવા માટે AI તકનીકોનો ઉપયોગ કરે છે.

173) કોમ્પ્યુટરના સંદર્ભે નીચેનામાંથી કયું ઇનપુટ ડિવાઈસ (ઉપકરણ) નથી ?

(A) કીબોર્ડ (B) માઉસ (C) પ્રિન્ટર (D) જોયસ્ટીક

174) નીચેનામાંથી કયું લેસર પ્રિન્ટરનું લક્ષણ છે ?

(A) આખા પૃષ્ઠની છબી (ચિત્ર-ઈમેજ) બનાવે છે અને તેને એકી સાથે પ્રિન્ટ કરે છે.

(B) એક લાઇન પછી બીજી લાઇન એવી રીતે પ્રિન્ટ કરે છે.

(C) શાહીના નાના નાના ટીપાં નો છંટકાવ (સ્પ્રે) દ્વારા પ્રિન્ટ કરે છે.

(D) એક અક્ષર પછી બીજો એક અક્ષર એવી રીતે પ્રિન્ટ કરે છે.

175) કામ્પ્યુટર સિસ્ટમમાં પ્રાથમિક (પ્રાયમરી) મેમરી અને ગૌણ (સેકન્ડરી) મેમરી (સંગ્રહક્ષમતા) વચ્ચેનો પ્રાથમિક તફાવત શું છે ?

(A) પ્રાથમિક મેમરી અસ્થિર (વોલેટાઈલ) છે, જ્યારે ગૌણ મેમરી બિન-અસ્થિર (નોન વોલેટાઈલ) છે.

(B) પ્રાથમિક મેમરીમાં ગૌણ મેમરી કરતાં વધુ સ્ટોરેજ ક્ષમતા હોય છે.

(C) ગૌણ મેમરી પ્રોસેસરને સીધી સુલભ છે, જ્યારે પ્રાથમિક મેમરી નથી.

(D) પ્રાથમિક મેમરી એ ગૌણ મેમરી કરતાં સસ્તી છે.

176) સિંગલ દ્વિસંગી અંક (બાયનેરી ડીજીટ) ને શું કહે છે ?

(A) બાઈટ (B) બીટ (C) નિબલ (D) બ્લોક

177) 2ની પૂરક પદ્ધતિ સંખ્યામાં સૌથી નોંધપાત્ર અંક (મોસ્ટ સીગ્નીફીકટ બીટ- MSB) શું દર્શાવે છે ?

(A) સંખ્યાની નિશાની (B) સંખ્યાનું કદ (C) સંખ્યાનો ઘાત (D) સંખ્યાનો અપૂર્ણાંક

178) કમ્પ્યુટર સિસ્ટમમાં ઓપરેટિંગ સિસ્ટમની ભૂમિકા શું છે ?

(A) બાહ્ય ઉપકરણોને નિયંત્રિત અને નિયમન કરવા

(B) હાર્ડવેર સંસાધનોને સુવિધા પ્રદાન કરવા

(C) મલ્ટિપ્રોસેસર સિસ્ટમને નિયંત્રણ કરવા માટે

(D) ઉપરોક્ત તમામ

179) કોમ્પ્યુટરની સ્ટાર્ટઅપ પ્રક્રિયા દરમિયાન POST નામના પ્રારંભિક પ્રોગ્રામનો હેતુ શું છે ?

(A) કોમ્પ્યુટરના ઘટકો (component)ને તપાસવા અને તેમને પ્રારંભ કરવા

(B) ઓપરેટિંગ સિસ્ટમને મેમરીમાં મુકવા (લોડ) કરવા માટે

(C) કમ્પ્યુટર સાથે વપરાશકર્તાની ક્રિયા-પ્રતિક્રિયાઓનું સંચાલન કરવા માટે

(D) હાર્ડવેટ ઉપકરણોને નિયંત્રિત અને નિયમન કરવા

180) નીચેનામાંથી કયું કાર્ય ઓપરેટિંગ સિસ્ટમ દ્વારા કરવામાં આવતું નથી ?

(A) પ્રોગ્રામનો અમલ શરૂ અને બંધ કરવો

(B) મેમરીની આવા-ગમનને નિયંત્રિત કરવી

(C) મલ્ટિપ્રોસેસર સિસ્ટમ્સનું સંચાલન

(D) વપરાશકર્તાના ડેટા માટે સુરક્ષા પૂરી પાડવી

181) યુનિક્સ ઓપરેટિંગ સિસ્ટમના વિકાસમાં સામેલ મુખ્ય વ્યક્તિઓ કોણ છે ?

(A) સ્ટીવ જોબ્સ અને બિલ ગેટ્સ (B) લિનસ ટોરવાલ્ડ્સ અને રિચાર્ડ સ્ટોલમેન

(C) કેન થોમ્પસન અને ડેનિસ રિચી (D) પોલ એલન અને લેરી પેજ

182) નીચેનામાંથી કયું Linux distribution (વિતરણ) નથી ?

(A) ઉબુન્ટુ (B) ફેડોરા (C) વિન્ડોઝ 10 (D) ડેબિયન

183) ઉબુન્ટુ મૂળભૂત રીતે સિસ્ટમમાં નિશ્ચિત અને દૂર કરી શકાય તેવા ઉપકરણોને ક્યાં માઉન્ટ કરે છે ?

(A) /root ડિરેક્ટરી (B) /home ડિરેક્ટરી (C) /media ડિરેક્ટરી (D) /user ડિરેક્ટરી

184) નીચેનામાંથી કયો GNOME2 ડેસ્કટોપનો ઘટક નથી ?

(A) side પેનલ (B) down પેનલ (C) top પેનલ (D) ઉપરોક્ત બધા

185) ઉબુન્ટુ લિનક્સ GUI માં સ્ક્રીનસેવરનો હેતુ શું છે ?

(A) જૂના મોનિટરનું કાયમી નુકસાન અટકાવવા (B) દશ્ય આકર્ષણ પૂરું પાડવું અને એકવિધતા તોડવા

(C) a અને b બંને (D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

186) ઉબુન્ટુ વન શું છે ?

(A) કેનોનિકલનું ક્લાઉડ સ્ટોરેજ સોલ્યુશન

(B) દસ્તાવેજો બનાવવા અને સંપાદિત કરવા માટેનો સોફ્ટવેર પ્રોગ્રામ

(C) એક મ્યુઝિક પ્લેયર એપ્લિકેશન

(D) ઈમેલ અને અન્ય વ્યક્તિગત માહિતીનું સંચાલન કરવા માટેની સિસ્ટમ

187) ઉબુન્ટુ દ્વારા કયું ફાઈલ બ્રાઉઝર સોફ્ટવેર પૂરું પાડવામાં આવે છે ?

(A) ડોલ્ફિન (B) એક્સપ્લોરર (C) નોટિલસ (D) ફાઈન્ડર

188) GIMP માં કયા ટૂલનો ઉપયોગ મનચાહા આકારનો વિસ્તાર પસંદ કરવા માટે થાય છે ?

(A) રેક્ટેન્ગલ સિલેક્ટ ટૂલ (B) ફ્રી સિલેક્ટ ટૂલ

(C) એલિપ્સ સિલેક્ટ ટૂલ (D) બકેટ ફિલ ટૂલ

189) વર્ડ પ્રોસેસિંગના સંદર્ભમાં WYSIWYG શું છે ?

(A) ફાઈલ ફોર્મેટનો એક પ્રકાર

(B) એક પ્રોગ્રામિંગ ભાષા

(C) એક ખ્યાલ જ્યાં સ્ક્રીન પરનું ડિસ્પ્લે પ્રિન્ટેડ આઉટપુટ સાથે નજીકથી મળતું આવે છે

(D) કમ્પ્યુટર વાયરસનો એક પ્રકાર

190) ડોક્યુમેન્ટમાં શબ્દોની પેટર્ન શોધવા નીચેનામાંથી કયા વાઈલ્ડકાર્ડ અક્ષરોનો ઉપયોગ કરી શકાય ?

(A) $ (B) . (C) * (D) ઉપરોક્ત તમામ

191) ફાઈન્ડ એન્ડ રિપ્લેસમાં કયો વિકલ્પ તમને મળેલા ટેક્સ્ટના ફોર્મેટને બદલવાની મંજૂરી આપે છે, જેમ કે રેખાંકિત શબ્દોને ઇટાલિક શૈલીમાં બદલવા ?

(A) મેચ કેસ (B) ફક્ત આખા શબ્દો (C) ફોર્મેટ (D) નિયમિત અભિવ્યક્તિઓ

192) કોષ્ટકમાં પંક્તિ (રો) ની ઊંચાઈ અને કૉલમની પહોળાઈને સમાયોજિત (adjust) કરવાની વિવિધ રીતો શું છે ?

(A) અનુક્રમે માત્ર વર્ટિકલ અને હોરીઝોન્ટલ રૂલરનો ઉપયોગ કરવો

(B) કર્સરને સેલની ધાર પર ખસેડો અને ડ્રેગ એન્ડ ડ્રોપ સુવિધાનો ઉપયોગ કરો.

(C) કર્સરને સેલની ધાર પર ખસેડીને અને ડ્રેગ એન્ડ ડ્રોપ સુવિધાનો ઉપયોગ કરીને અને વર્ટિકલ અને હોરીઝોન્ટલ રૂલરનો ઉપયોગ કરીને બને

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

193) રાઈટરમાં મેઈલ મર્જ ફીચરનો હેતુ શું છે ?
(A) વિવિધ સામગ્રી સાથે બહુવિધ ડોક્યુમેન્ટ બનાવવા માટે.
(B) વેરિયેબલ ડેટા સાથે એક જ દસ્તાવેજ બનાવવા માટે.
(C) અમુક વેરિયેબલ ડેટા સાથે, ઘણી વ્યક્તિઓને સમાન માહિતી મોકલવી.
(D) સરનામાંનો ડેટાબેઝ બનાવવો.

194) કયો વિકલ્પ તમને પ્રિન્ટ ડાયલોગ બોક્સ ખોલ્યા વિના આખા ડોક્યુમેન્ટને સીધો પ્રિન્ટ કરવાની પરવાનગી આપે છે ?
(A) સીધી ફાઇલ છાપો (B) પ્રિન્ટ રેન્જ (C) પ્રિન્ટર પ્રોપર્ટીઝ (D) પ્રિન્ટ પૂર્વાવલોકન

195) Impress ના Tasks section (ફલક) માં કયા વિભાગો ઉપલબ્ધ છે ?
(A) માસ્ટર પેજીસ, લેઆઉટ, ટેબલ ડિઝાઇન, કસ્ટમ એનિમેશન, સ્લાઇડ ટ્રાન્ઝિશન
(B) સ્લાઇડ્સ પેન, વર્કસ્પેસ, આઉટલાઇન વ્યૂ, નોટ્સ વ્યૂ, સ્લાઇડ સોર્ટર
(C) બુલેટેડ યાદીઓ, ક્રમાંકિત યાદીઓ, કોષ્ટકો, ચિત્રો, ચાર્ટ્સ
(D) પરિચય, મુખ્ય ભાગ, નિષ્કર્ષ, સંદર્ભો

196) સ્લાઇડ્સમાં સામગ્રી ઉમેરવા અને ફોર્મેટ કરવા માટે કયા દૃશ્યનો ઉપયોગ થાય છે ?
(A) નોર્મલ વ્યુહ (B) આઉટ લાઈન વ્યુહ (C) નોટ વ્યુહ (D) સ્લાઇડ સોર્ટર

197) કમ્પ્યુટર નેટવર્ક પાછળનો મૂળ વિચાર શું છે ?
(A) કમ્પ્યુટરને પ્રિન્ટરો સાથે જોડવું (B) વિવિધ ક્ષમતાઓ સાથે કમ્પ્યુટરને જોડવું
(C) એક જ LAN ની અંદર કોમ્પ્યુટરને જોડવું (D) કમ્પ્યુટરને ઇન્ટરનેટથી કનેક્ટ કરવું

198) કયા નેટવર્ક પ્રકારમાં વિશાળ ભૌતિક અંતર ફેલાયેલું છે અને તે કોઈ એક સંસ્થાની માલિકીનું નથી ?
(A) LAN - લોકલ એરિયા નેટવર્ક (B) WAN - વાઇડ એરિયા નેટવર્ક
(C) MAN - મેટ્રોપોલિટન એરિયા નેટવર્ક (D) SAN - સ્ટોરેજ એરિયા નેટવર્ક

199) નીચેનામાંથી કયું લોકપ્રિય સર્ચ એન્જિનનું ઉદાહરણ છે ?
(A) ગૂગલ (B) ફેસબુક (C) ઇન્સ્ટાગ્રામ (D) નેટફ્લિક્સ

200) OpenOffice.org માં ઈમ્પ્રેસ કેવી રીતે ખોલી શકાય ?
(A) એપ્લિકેશન → ઓફિસ → OpenOffice.org 3.2 ઇમ્પ્રેસ પસંદ કરીને
(B) ડેસ્કટોપ પર OpenOffice.org 3.2 ઇમ્પ્રેસ આઇકોન પર ડબલ-ક્લિક કરીને
(C) ફાઇલ → નવી પ્રસ્તુતિ પસંદ કરીને
(D) OpenOffice.org માં પ્રેઝન્ટેશન વિઝાર્ડ બટન પર ક્લિક કરીને

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.